આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

સત્યથી સ્પર્ધા હોતી નથી, સત્ય સ્પર્ધામાં હોતું નથી, સત્ય સ્પર્ધક નથી, એ તો નિતાંત છે, નિશ્ચલ છે
- વિનોબા

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૮૪ | ૨૫ ડિસેમ્બર, ૨૦૧૩, બુધવાર; માગશર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લામાં શાળાઓનો સમય બદલાયો

પંચાયતની શાળાઓ શનિવારે સવારે ૮.૩૦ કલાકે શરૂ થશે : બે પાળીની શાળાઓના સમયમાં પણ ફેરફારો કરાયો : કલેકટરે તંત્રને આદેશ આપતાં તંત્ર એ ફેરફાર અમલ અંગે આદેશો કર્યા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં પ્રસરી રહેલા કોલ્ડ વેવને પગલે શાળાઓના સમયમાં ફેરફાર કરવાનો સત્તાવાળાઓએ નિર્ણય લીધો છે.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિએ શનિવારે સવારની શાળાનો સમય સવારે ૮.૩૦ કલાકનો કરાયો છે. જયારે બે પાળીમાં ચાલતી ૧૫ જેટલી શાળાઓ છે તે પણ સવારે ૮.૩૦ વાગે શરૂ થશે અને બીજી પાળીનો સમય ૧૨.૧૫થી પાંચ વાગ્યાનો રહેશે.

જિલ્લામાં કોલ્ડવેવ જે રીતે જામી રહ્યો છે તેને પગલે આજે જિલ્લા કલેકટરશ્રી ડૉ. સ્વરૂપે શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી અને આ નિર્ણય લઈ સૂચનાઓ જારી કરી છે.

જિલ્લામાં ૬૦૦ જેટલી પ્રા. શાળાઓ પંચાયતની શિક્ષણ સમિતિ હસ્તક છે તે શાળાઓમાં આ સમય ફેરફારનો નિર્ણય ૩૧ જાન્યુઆરી ૨૦૧૪ સુધી અમલમાં રહેશે. આ અંગેના જરુરી હુકમો પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

શહેરની શાળાઓમાં પણ આ મુજબ ફેરફાર કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. જો કે કેટલાક શાળા સંચાલકો વાલીઓ સાથે આ અંગે બેઠક કરી નિર્ણય કરશે તેમ જાણવા મળેલ છે. જો કે શહેરની સરકારી પ્રા. શાળાઓ આમ તો સવારે ૧૦.૩૦ વાગ્યે જ શરુ થતી હોય છે. શનિવારના સમયમાં ફેરફાર કરવા માટે કલેકટરની સૂચનાનો અમલ કરાશે તેમ વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં ઠંડીનો પારો જે રીતે ગગડી રહ્યો છે તેને ધ્યાને લઈ છેલ્લા કેટલાક દિવસથી વાલીવર્ગમાં પણ ગણગણાટ થતો હતો. આજે જિલ્લા કલેકટરે આ માટે બેઠક યોજી અને આ નિર્ણય કર્યો છે.

શાન્તાકલોઝ - બાળકોનું પ્રિય પાત્ર... ચોકલેટ આપે અને બાળકોને રાજી રાજી કરે... ગાંધીનગરની 'રંગોલી' શાળાના બાળકોએ ભગવાન ઈસુના જન્મ સમયનું અને સ્થળનું દૃશ્ય નિરૂપણ કરી નાતાલની પૂર્વ સંધ્યાએ પ્રસંશનીય કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ પ્રસંગે સાન્તાકલોઝે બાળકો સાથે જુદી રમતો પણ રમી હતી અને બાળકોને જુદી જુદી અભ્યાસને લગતી ભેટ આપી હતી.... *(તસવીર : ભાવિન પટેલ)*

સરકાર હાઈરાઈઝ રહેણાંક બનાવાશે

ગાંધીનગરમાં નિકાલ હેઠળના તમામ સરકારી મકાનો તોડી પાડવા ચક્રો ગતિમાન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓના રહેણાંક માટે આગામી દિવસોમાં હાઈરાઈઝ એપાર્ટમેન્ટ તૈયાર કરવા સરકારે વિચારણા હાથ ધરી છે. હાલ નિકાલ હેઠળના જોખમી બનેલા ૧૯૦૦ મકાનો તોડી પાડવા તજવીજ શરુ કરી દેવાઈ છે. જોખમી આવાસોનો નિકાલ થયા બાદ હાઈરાઈઝ ટાવર બનાવવાની યોજના આખરી થશે.

નગરમાં સરકારી અધિકારી કર્મચારીઓને રહેણાંકની સુવિધા આપવા માટે વિવિધ કક્ષાના આવાસ બાંધવામાં આવ્યા તેને ત્રણ દાયકાથી વધુ સમય પસાર થઈ ગયો છે. આજના દિવસમાં તમામ ક્ષેત્રે જરૂરત બદલાઈ હોવાથી પાટનગરમાં આગામી દિવસોમાં સરકારી કર્મચારીઓને રહેવા આપવા માટે હાઈરાઈઝ એપાર્ટમેન્ટ બાંધવાની દિશામાં વિચારણા હાથ ધરાઈ છે. ભૂતકાળમાં બાંધેલા અને જોખમી બન્યા પછી ઉતારી લેવા માટે નિયત કરાયેલા આવાસોનો નિકાલ કરાયા બાદ આ યોજના પર કામ હાથ ધરવામાં આવશે. મહાનુભાવથી માંડીને પટાવાળા સુધીની કક્ષાના પરિવારને રહેઠાણની સુવિધા આપવા માટે પાટનગરમાં ૭ રૂમ રસોડાથી માંડીને ૧ રૂમ રસોડાના આવાસ જુદા જુદા સેકટરમાં બાંધવામાં આવ્યા છે. આ પૈકીના ૮૪૦૦ જેટલા આવાસ હાલમાં વપરાશમાં લેવાઈ રહ્યા છે. કુલ ૧,૯૦૪ જેટલા બે અને ત્રણ માળના ફલેટ ટાઈપ બ્લોકસ તોડી પાડવા માટે નિયત કરી દેવામાં આવ્યા છે અને ઘણા બ્લોકસ રહેવા લાયક રહ્યાં નથી. પરિણામે પાટનગરમાં નવી આવાસ વ્યવસ્થા ઉભી કરવાનું અનિવાર્ય બની ગયું છે. સરકાર દ્વારા પાટનગરમાં હાલમાં ખુલ્લી અને ફાજલ પડી રહ્યાં જેવી દેખાતી તમામ જમીન વિવિધ હેતુ માટે ઈયરમાર્ક કરી દેવામાં આવેલી હોવાથી જોખમી બ્લોકસ ઉતારી લેવાના પગલે ખુલ્લી થનારી કોઈ સાઈટની પસંદગી મોટા ભાગે કરવામાં આવશે. પાટનગરમાં કયા સ્થળે હાઈરાઈઝ સરકારી રહેણાંક વસાહત ઉભી કરવી તે મામલે હજુ કોઈ નિર્ણય સ્વાભાવિક રીતે જ લેવાયો નથી. એક વાર આ યોજના પર આગળ વધવાનું નક્કી થયા પછી સાઈટ પસંદગીની કવાયત કરાશે. પરંતુ તે જગ્યા ૩૦ સેકટરની બહારની હશે નહીં. આગામી દિવસોમાં એક જ જગ્યાએ વધુ પરિવારો માટે આવાસ સુવિધા ઉભી કરવાની યોજના વિચારણામાં લેવાઈ છે કેમ કે તેનાથી જમીન અને ખર્ચ બંનેમાં મોટી બચત થઈ શકે છે. તેની સાથે જ નિભાવણીનું કામ સરળ થવાની સાથે તેમાં ઘણી ઝડપ પણ લાવી શકાય છે. પાટનગરમાં જે સરકારી આવાસના બ્લોકસ ઉતારી લેવાના નક્કી કરી દેવાયા છે તે જમીનનો જ ઉપયોગ કરી શકાય તેમ છે.

મેરી ક્રિસમસ - ગાંધીનગરમાં નાતાલની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરાશે... ભગવાન ઈસુના જન્મદિવસને ક્રિશ્ચિયન પરિવારો આનંદપૂર્વક ઉજવશે. નગરના ચર્ચ અને દેવળો પર નયનરમ્ય રોશની કરાઈ છે... જ્યારે 'ક્રિસમસ ટ્રી' દ્વારા અનોખા માહોલનું નિર્માણ કરાયું છે... *(તસવીર : દિપક જાની)*

ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ-ઠંડો પવન

ગાંધીનગર, તા.૨૪

છેલ્લા બે દિવસથી ઠંડીમાં ઘટાડો થયો છે. પરંતુ ઠંડા પવનોના કારણે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આજે દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. મહત્તમ તાપમાન ઘટતા દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે.

ગાંધીનગરમાં છેલ્લા એક અઠવાડિયાથી શીત લહેરની ભારે અસર જોવા મળી રહી છે. લઘુત્તમ તાપમાન એક તબક્કે ૭ ડિગ્રીની નજીક પહોંચી ગયું હતું. જો કે છેલ્લા બે દિવસથી તાપમાન ઉંચકાયું છે અને લઘુત્તમ તાપમાન ૧૪.૨ ડિ.સે. સુધી પહોંચ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

NEWS બિટ્સ

કેજરીવાલની શપથવિધિને 'આપ' સફાઈ કરીને ઉજવશે

દેશની રાજધાની દિલ્હીના નવા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની શપથવિધિ ૨૬મી ડિસેમ્બરે યોજાશે. અરવિંદ કેજરીવાલ તે દિવસે મુખ્ય પ્રધાન તરીકેની શપથવિધિ લેવાના હોઈ 'આપ' પાર્ટીનું ગુજરાત પ્રદેશ એકમ રાજયભરમાં ઝાડુ લઈને રસ્તા સોસાયટીની સાફ સફાઈ કરીને ઉજવણી કરશે. 'આપ' પાર્ટી અરવિંદ કેજરીવાલની શપથવિધિ દરમિયાન ફટાકડા ફોડવાને બદલે જાહેર રસ્તા પરના કચરાને દૂર કરવાની કામગીરી કરશે.

ડીસેમ્બરમાં ફુગાવો ઘટશે

મોંઘવારીથી ત્રસ્ત ભારતીયો માટે રાહતના સમાચાર છે ડુંગળી અને શાકભાજીના ભાવ ઉંચકાતા ફુગાવો વધ્યો હતો. પરંતુ શાકભાજીના ભાવો કાબુમાં આવતા ડીસેમ્બરમાં સામાન્ય ફુગાવો અને રીટેલ ફુગાવો ઘટીને અનુક્રમે ૬.૫ ટકા અને ૯.૨૦ ટકાના સ્તરે આવી તેવી શકયતા છે.

પરેશ રાવલને 'ડી લીટ'ની માનદ્ પદવી

ઉત્કૃષ્ટ અભિનેતા પરેશ રાવલ તેમજ જાણીતા ઈતિહાસકાર લીલા સ્વરૂપાને 'ડોકટર ઓફ લેટર્સ'ની માનદ્ પદવી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. આગામી ૨૬મી ફેબ્રુઆરીના રોજ એક સમારંભ યોજી આ પદવી એનાયત કરવામાં આવશે.

GPSC-1/2 PSI TGCI

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૯૯૧૦૮૯૯૨
નરેન્દ્ર પટેલ (જાંબુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
DT
દિવાની ટાઈલ્સ
૨૦ભર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ
તેમજ ફ્રીઈંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

ગુજરાત સરકાર તથા બેંકમાં નોકરી માટે વિશાળ ભરતી
તલાટી-૩૧૦૦ જગ્યાઓ
GPSC-વર્ગ-1-2, કુલ 800 જગ્યાઓ
Bank Clerk અને Officer માટેની 20,000 જગ્યાઓ માટે
Free માર્ગદર્શક સેમિનાર
સેમિનાર તારીખ : ૨૯-૧૨-૨૦૧૩, રવિવાર
સમય : સવારે ૧૦-૦૦ વાગ્યે
નિષ્ણાત તથા GPSC-UPSCમાં સફળ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન
શિલ્પ CAREER ACADEMY
તૃપ્તિ આઈસ્ક્રીમ પાર્લર સામે, Axis Bank ઉપર, સેક્ટર-૧૬, ગાંધીનગર
Contact : 94269 44899, 99985 75255
ફોનથી રજીસ્ટ્રેશન કરાવવું

જાહેર આમંત્રણ
પવિત્ર ચમુરમાસમાં આજથી ભવ્ય
શ્રી શિવમહાપુરાણ કથા પ્રારંભ
વ્યાસપીઠ : શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ
કથા પ્રારંભ તા. ૨૫/૧૨/૨૦૧૩
કથા સમય દરરોજ બપોરે ૨-૩૦ કલાકથી
પ્રેમમય પૂર્ણાહુતિ તા. ૩૧/૧૨/૨૦૧૩

કથા સ્થળ : શિવશક્તિ પંચમુખી હનુમાનજી મંદિર, સે.૫એ, ગાંધીનગર
પોથીયાત્રા યજમાન : શ્રી જયદિપસિંહ હિંમતસિંહ યાવડા
પ્લોટ નં. ૧૨૯૫/૨, સેક્ટર-૫એ, ખાતેથી બેન્ડવાડા સાથે નિકળશે.

બેસણું

અમારા પૂજ્ય હસમુખરામ દલપતરામ જોખાકર તા. ૨૧/૧૨/૨૦૧૩ના રોજ દુઃખદ અવસાન પામેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૬/૧૨/૨૦૧૩ને ગુરૂવારના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૨૦૪, સેક્ટર નં.૨૨, જૈન દેરાસર પાસે, ગાંધીનગર

લિ.
જોખાકર પરિવાર
રસિકલાલ દલપતરામ જોખાકર
દિલીપ હસમુખરામ જોખાકર
જનક હસમુખરામ જોખાકર
રાજેન્દ્ર હસમુખરામ જોખાકર